# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 24-03-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: MONDAY** **National News**

આકાશવાણી સમાચાર બકુલા પરમાર વાંચે છે.

****************************************************

1) ભાજપના સાંસદોનાં વિરોધને પગલે સંસદના બંને ગૃહની કાર્યવાહી બે વાગ્યા સુધી મોકૂફ

2) આરોગ્ય મંત્રી જે પી નડ્ડાએ 2025ના અંત સુધીમાં ભારતમાંથી ક્ષય નાબૂદી માટે સરકારની પ્રતિબધ્ધતાનો પુનરોચ્ચાર કર્યો

3) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ છત્તીસગઢ વિધાનસભાની રજત જયંતી પ્રસંગે સંબોધન કર્યું

4) ભારતીય બજારોમાં તેજી - સેન્સેક્સ અને નિફ્ટીમાં વધારો

5) આઇપીએલમાં આજે વિશાખાપટ્ટનમમાં દિલ્હી કેપિટલ્સ અને લખનઉ સુપર જાયન્ટ્સ વચ્ચે મુકાબલો

..................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# REV.PARL- ADJOURN

સંસદના બંને ગૃહોમાં ભાજપના સાંસદોએ હોબાળો મચાવતા રાજ્યસભા અને લોકસભાની કાર્યવાહી 2 વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી છે.

કર્ણાટકમાં જાહેર કરારોમાં ચોક્કસ લઘુમતી જૂથને અનામત આપવાના મુદ્દા અને રાજ્યના નાયબ મુખ્યમંત્રી ડીકે શિવકુમાર દ્વારા આ ક્વોટા માટે બંધારણમાં ફેરફાર અંગે કરાયેલી ટિપ્પણીને લઈને આજે સંસદના બંને ગૃહોમાં ભાજપના સાંસદોએ હોબાળો મચાવ્યો હતો.

આજે રાજ્યસભાની કાર્યવાહી શરૂ થતાં ટ્રેઝરી બેન્ચના સભ્યોએ આ મુદ્દા પર વિરોધ કર્યો હતો. સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ આરોપ લગાવ્યો હતો કે કોંગ્રેસે ચોક્કસ લઘુમતી જૂથને અનામત આપીને બાબાસાહેબ આંબેડકરના બંધારણની પ્રતિષ્ઠાને ઓછી કરી છે. ગૃહના નેતા જેપી નડ્ડાએ કોંગ્રેસ પર આ પગલા દ્વારા બંધારણને નબળુ પાડવાનો આરોપ લગાવ્યો હતો.

(બાઈટ – જેપી નડ્ડા, કેન્દ્રીય મંત્રી)

વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે, ડૉ. બી.આર. આંબેડકર દ્વારા ઘડવામાં આવેલા બંધારણને કોઈ બદલી શકતું નથી અને કોઈ અનામતનો અંત લાવી શકતું નથી. તેમણે ભાજપ પર બંધારણને નબળુ પાડવાનો આરોપ લગાવ્યો હતો.

ભારે શોરબકોર વચ્ચે અધ્યક્ષ જગદીપ ધનખડે ગૃહની કાર્યવાહી બપોરે 2 વાગ્યા સુધી મુલતવી રાખી હતી. લોકસભામાં પણ ટ્રેઝરી બેન્ચના સભ્યોએ આ જ મુદ્દા પર હોબાળો મચાવતા અધ્યક્ષ ઓમ બિરલાએ ગૃહમાં સભ્યોને પ્રશ્નકાળ શરૂ કરવા દેવા અપીલ કરી હતી પરંતુ ભારે હોબાળા વચ્ચે લોકસભાની કાર્યવાહી પ્રથમ બપોરે 12 વાગ્યા સુધી ત્યારબાદ બપોરે બે વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી હતી.

. . . . . . . . . . . .

# RS-MEETING

રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખડે દિલ્હી હાઈકોર્ટના ન્યાયાધીશના નિવાસસ્થાનેથી રોકડ રકમની રિકવરીના મુદ્દા પર આજે ગૃહના નેતા જેપી નડ્ડા અને વિરોધ પક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગે સાથે બેઠક બોલાવી છે. રોકડ રકમની રિકવરી સંબંધિત મુદ્દો ગયા અઠવાડિયે રાજ્યસભામાં કોંગ્રેસના નેતા જયરામ રમેશે ઉઠાવ્યો હતો. અધ્યક્ષ જગદીપ ધનખરે આ મામલાની નોંધ લીધી હતી.

. . . . . . . . . . . . . . . .

# HC- JUSTICE VERMA

દિલ્હી વડીઅદાલતમાં ન્યાયાધીશ યશવંત વર્માના સત્તાવાર નિવાસસ્થાને આગ લાગવાથી રોકડનો મોટો જથ્થો મળી આવ્યા બાદ તાત્કાલિક અસરથી તેમના ન્યાયિક કાર્યને પાછું ખેંચી લીધું છે. આજે વડીઅદાલતદ્વારા જારી કરાયેલી એક નોંધમાં આ નિર્ણય જાહેર કરવામાં આવ્યો છે.

વડીઅદાલતની વેબસાઇટ પર બીજી એક નોંધમાં જણાવાયું છે કે ડિવિઝન બેન્ચ-ત્રણના કોર્ટ માસ્ટર, જેનું નેતૃત્વ અગાઉ જસ્ટિસ વર્મા કરી રહ્યા હતા, હવે આજ પહેલા સૂચિબદ્ધ કેસોની તારીખો નક્કી કરશે.

. . . . . . . . . . . . . . . .

# TB DAY- JP NADDA

કેન્દ્રીય આરોગ્ય મંત્રી જેપી નડ્ડાએ જણાવ્યું છે કે, ટીબી એટલે કે ક્ષયને નાબૂદ કરવામાં સરકારે નોંધપાત્ર સફળતા પ્રાપ્ત કરી છે. આજે વિશ્વ ક્ષય દિવસે સોશિયલ મિડીયા પોસ્ટમાં શ્રી નડ્ડાએ વૈશ્વિક લક્ષ્યનાં પાંચ વર્ષ પહેલાં એટલે કે 2025ના અંત સુધીમાં ક્ષય નાબૂદી માટે સરકારની પ્રતિબધ્ધતાનો પુનરોચ્ચાર કર્યો છે.

શ્રી નડ્ડાએ જણાવ્યું કે, "અમારી સરકારે રાષ્ટ્રીય ટીબી નાબૂદી કાર્યક્રમ દ્વારા આ રોગ સામે લડવામાં નોંધપાત્ર હરણફાળ ભરી છે."

. . . . . . . . . . . . . . . .

# PREZ---ODISHA-VISIT

**રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે ઓડિશાના નયાગઢ જિલ્લામાં પ્રખ્યાત શ્રી નીલમાધવ મંદિરમાં દર્શન કરશે.આ મંદિર મહાનદીના કિનારે આવેલું ભગવાન વિષ્ણુનું પ્રખ્યાત મંદિર છે. મંદિરની મુલાકાત બાદ તેઓ નયાગઢના કાલિયાપલ્લી ખાતે ભારતીય વિશ્વબાસુ શબર સમાજના સ્થાપના દિવસ સમારોહમાં હાજરી આપશે. સાંજે તેઓ ભુવનેશ્વર ખાતે રાજભવનમાં રાત્રિ રોકાણ કરશે આવતીકાલે દિલ્હી પરત ફરશે.**

**દરમિયાન રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આજે સવારે રાયપુર ખાતે છત્તીસગઢ વિધાનસભાના રજત જયંતી સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા.**

. . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# NASHIK-MAHAKUMBH

**મહારાષ્ટ્ર સરકાર 2027માં નાસિકમાં યોજાનાર કુંભ મેળા માટે કુંભ મેળા સત્તામંડળની રચના કરવા કાયદો લાવશે. ગઈકાલે નાસિકમાં યોજાયેલી એક બેઠકમાં મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે આ માહિતી આપી હતી. તેમણે જણાવ્યું કે આ માટે એક કાયદો દાખલ કરવામાં આવશે, જેને કારણે કુંભ મેળા સંબંધિત પ્રોજેક્ટ્સ માટે કાનૂની માળખું ઉપલબ્ધ થશે અને ભીડ સંચાલનમાં સરળતા રહેશે.**

**તેમણે ત્ર્યંબકેશ્વર મંદિર માટેનાં વિકાસ કાર્યને ઝડપી બનાવવા પર ભાર મૂક્યો હતો.**

**(બાઇટ- દેવેન્દ્ર ફડણવીસ)**

. . . . . . . . . . . . . . .

# MAHA-FIRE

મુંબઈની એક હાઉસિંગ સોસાયટીમાં ભીષણ આગ લગતા મિલકતને મોટા નુકસાનની સાથે એક વ્યક્તિનું મોત થયું છે જ્યારે એક વ્યક્તિ ઇજાગ્રસ્ત થઈ છે. સવારે લગભગ સાડા ચાર વાગ્યે આગની ઘટના બનતા મુંબઈ અગ્નિશામક દળે ઘટનાસ્થળે પહોંચીને 15 થી 20 લોકોને બચાવ્યા હતા. આગનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી.

. . . . . . . . . . . . . . .

# J&K - TERRORIST

જમ્મુ અને કાશ્મીરમાં, સુરક્ષા દળોએ પૂંચ જિલ્લાના એક દૂરના જંગલ વિસ્તારમાં એક મોટા આતંકવાદી ઠેકાણાનો પર્દાફાશ કર્યો હતો, જેના પરિણામે ગઈકાલે શસ્ત્રો અને વિસ્ફોટકોનો મોટો જથ્થો મળી આવ્યો હતો.

રાષ્ટ્રીય રાઇફલ્સ અને સ્થાનિક પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા સાંગલા ટોપ નજીક સારાબારામાં દિવસભર ચાલેલા ઓપરેશન દરમિયાન આ ઠેકાણું શોધી કાઢવામાં આવ્યું હતું. ત્રણ એકે એસોલ્ટ રાઇફલ્સ, 23 મેગેઝિન, 922 રાઉન્ડ, સાત ગ્રેનેડ, ચાર ઇમ્પ્રુવાઇઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઇસ (IED), એક વોચ-ટાઇપ ટાઇમર મિકેનિઝમ, 19 ડેટોનેટર, ત્રણ મીટર કોર્ટેક્સ, એક ચાર ઇંચનો

સિલિન્ડર, એક કોમ્બેટ ડ્રેસ, 10 સેન્ટિમીટર સેફ્ટી ફ્યુઝ અને 200 ગ્રામ હેરોઇન છુપાયેલા સ્થળોએ જપ્ત કરવામાં આવ્યા હતા.

બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડના નિષ્ણાતો દ્વારા IED, ગ્રેનેડ, ડેટોનેટર, ટાઇમર ડિવાઇસ, કોર્ટેક્સ અને સેફ્ટી ફ્યુઝનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. જોકે, આ ઓપરેશન દરમિયાન કોઈની ધરપકડ કરવામાં આવી ન હતી.

. . . . . . . . . . . . . . .

## ISRAEL-AIRSTRIKE

ઇઝરાયલની સેનાએ ગઈકાલે દક્ષિણ ગાઝામાં એક મેડિકલ સંકૂલ પર કરેલા હવાઈ હુમલામાં હમાસના સભ્ય ઇસ્માઇલ બરહૂમ અને અન્ય ચાર પેલેસ્ટિનિયન લોકોના મોત થયા છે.સ્થાનિક સૂત્રોએ જણાવ્યું છે કે ઇઝરાયેલે ડ્રોન દ્વારા સંકુલની ઇમરજન્સી બિલ્ડિંગના બીજા માળે હુમલો કર્યો હતો. ઇઝરાયલે હમાસ પર યુદ્ધવિરામની સુધારેલી શરતો સ્વીકારવાનો ઇનકાર કરતો આરોપ લગાવી ગત અઠવાડિયાથી ગાઝા પર હવાઈ હુમલા શરૂ કર્યા છે.

. . . . . . . . . . . . . . .

## STOCK MARKET

અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ટેરિફ અંગે નરમ વલણ અપનાવતા વૈશ્વિક બજારોને પગલે ભારતીય બજારોમાં પણ તેજીનો માહોલ છે.

**છેલ્લાં અહેવાલ પ્રમાણે સૂચકાંક સેન્સેક્સ એક હજારથી વધુ અને નિફ્ટી 300થી વધુ પોઇન્ટ વધ્યો છે.**
**ચોથા ત્રિમાસિક ગાળાનાં નાણાકીય પરિણામો મજબૂત હોવાની ધારણાએ પણ બજારમાં તેજીનું સેન્ટિમેન્ટ જોવા મળી રહ્યું છે એમ બજારનાં નિરીક્ષકો કહે છે.**

. . . . . . . . . . . . . . .

# IPL

આજે આઇપીએલ 2025ની ચોથી મેચ વિશાખાપટ્ટનમમાં દિલ્હી કેપિટલ્સ અને લખનઉ સુપર જાયન્ટ્સ વચ્ચે રમાશે. મેચ સાંજે સાડા સાત કલાકે શરૂ થશે. બંને ટીમો નવા કેપ્ટનનાં નેતૃત્વમાં મેદાનમાં ઉતરશે. દિલ્હી કેપિટલ્સના કેપ્ટન અક્ષર પટેલ અને લખનઉ સુપર જાયન્ટ્સના કેપ્ટન ઋષભ પંત છે.

આઇપીએલનાં ઇતિહાસમાં બંને ટીમો વચ્ચે અત્યાર સુધી પાંચ મેચ રમાઈ છે, જેમાંથી ત્રણ મેચ લખનઉ સુપર જાયન્ટ્સે અને બે મેચ દિલ્હી કેપિટલ્સે જીતી છે.

ચેન્નાઈ સુપર કિંગ્સે ગઈકાલે રાત્રે ચેન્નાઈના મુંબઈ ઈન્ડિયન્સને 4 વિકેટે હરાવ્યું હતું.

આ અગાઉ રમાયેલી મેચમાં સનરાઇઝર્સ હૈદરાબાદે રાજસ્થાન રોયલ્સને 44 રને હરાવ્યું હતું.

. . . . . . . . . . . . . .

# UKRAINE-US-TALKS

યુક્રેનના સંરક્ષણ મંત્રી રુસ્તમ ઉમેરોવે સાઉદી અરેબિયાના રિયાધમાં અમેરિકા અને યુક્રેનના પ્રતિનિધિમંડળ વચ્ચે થયેલી વાતચીતને રચનાત્મક ગણાવતા જણાવ્યું કે આ બેઠકમાં મુખ્ય મુદ્દાઓ પર વિશેષ ચર્ચા કરાઇ.

યુક્રેનના પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરતા શ્રી ઉમેરોવે જણાવ્યું કે રાષ્ટ્રપતિ વ્લાદિમીર ઝેલેન્સકી યુક્રેન અને યુરોપમાં ન્યાયી અને કાયમી શાંતિ પુનઃસ્થાપિત કરવા માટે પ્રતિબદ્ધ છે. આ બેઠક પહેલા જેદ્દાહમાં અનેક તબક્કાની વાટાઘાટો થઈ હતી જેમાં યુક્રેને અમેરિકા પાસેથી લશ્કરી સહાય અને ગુપ્ત માહિતી પુનઃસ્થાપિત કરવાના બદલામાં 30 દિવસના યુદ્ધવિરામના અમેરિકાના પ્રસ્તાવને સ્વીકાર્યો હતો.

દરમિયાન, આજે અમેરિકા અને રશિયા વચ્ચે યોજાનારી વાટાઘાટો રાજદ્વારી પ્રયાસોમાં આગામી મહત્વપૂર્ણ પગલું સાબિત થશે.

. . . . . . . . . . .